ખેડબ્રહ્માના વોર્ડ નં. ૫ પ્રત્યે પાલીકાના ઓરમાયા વર્તનથી રહીશોમાં રોષ

પંચશીલ વસાહતમાં આંગણવાડી કેન્દ્રનો રસ્તો તથા ભાટ ઓડ વાસના બિસ્માર રસ્તા અને ગંદકીથી લોકો પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા નગરપાલિકાના વોર્ડ નંબર-૫માં આવેલી ચાંપલપુર તથા પંચશીલ વસાહતના રસ્તા-પાણી અને સફાઈના કામ થતાં હોઈ તેમજ આંગણવાડી સુધીના બિસ્માર રસ્તાથી નાના બાળકોને પડતી હાલાકી અંગે પાલિકામાં વારંવાર રજુઆતો કરવા છતાં તેનો યોગ્ય ઉકેલ ના આવતા રહીશોમાં રોષ ફેલાયો છે.

ખેડબ્રહ્મા ચાંપલપુર વસાહતના રહીશો રાવલ ગીરીશકુમાર રમણલાલ, દિક્ષિત વસંતકુમાર મુળશંકર, વાળંદ દિનેશભાઈ ગલબાભાઈ, ખીમજીભાઈ બારોટ તથા આંગણવાડી કેન્દ્ર સંચાલક જ્યોત્સનાબેન પંડ્યાએ પાલીકામાં કરેલ રજુઆત અનુસાર આ વિસ્તારના બિસ્માર રસ્તા તથા ગંદકીના કારણે રહીશો નર્કનો અનુભવ કરી રહ્યા છે. વસાહતમાં ભાટ અને ઓડવાસના ગંદા પાણીના નિકાલના અભાવે થતી ગંદકીથી રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. આ વિસ્તારની રસ્તા અને અન્ય સમસ્યાઓ અંગે સંવાદ સેતુ કાર્યક્રમમાં પણ રજુઆત કરવા છતાં કોઈ કામગીરી કરવામાં આવતી નથી. ગુજરાતમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવે છે. પણ આ વિસ્તારના રસ્તા તથા ગંદકી યથાવત રહેતા આ વોર્ડ પ્રત્યે પાલિકા દ્વારા ઓરમાયુ વર્તન રાખવામાં આવતું હોય તેવું રહીશોને લાગી રહ્યું છે.

આ ઉપરાંત આ વિસ્તારના ભંગાર અને બિસ્માર રસ્તા તેમજ ગંદકીના કારણે રીક્ષાવાળા આ વિસ્તારમાં આવવા તૈયાર નથી. પંચશીલ વસાહતમાં નવીન બનાવેલ આંગણવાડી કેન્દ્ર ગાળ અસંખ્ય ખાડા ટેકરા તથા કાંટાના કારણે નાના બાળકોને આવવા-જવામાં હાલાકી ભોગવવી પડી રહી છે.

ચાંપલપુર વસાહતના રહીશ ગીરીશકુમાર રમણલાલ રાવલે તા. ૨ ફેબ્રુઆરીના રોજ પાલીકામાં લેખિતમાં કરેલ રજુઆતમાં આ વિસ્તારના કામ રાજકીય દબાણના કારણે થતાં ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફિસર હરીશભાઈ અગ્રવાલે જણાવ્યું હતું કે ચાંપલપુર વસાહતના રસ્તાના તથા ગંદકીના પ્રશ્ન સત્વરે ઉકેલવામાં આવશે.

કોલેજની મંજૂરી માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી છે. ભારત સરકારના આરોગ્ય મંત્રાલય સાથેની ચર્ચાને અંતે ક્ષતિપૂર્તિનો અહેવાલ તૈયાર કરી તે કાઉન્સિલને મોકલી આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ અહેવાલ પછી કાઉન્સીલ દ્વારા પુનઃ ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવશે. માર્ચના અંત સુધીમાં મંજૂરીનો મામલો પૂર્ણ થાય તેવી શક્યતાઓ દર્શાવવામાં આવી રહી છે. કાઉન્સીલના આક્રમક વલણને લઈ શિક્ષણ પ્રેમીઓ અને વિદ્યાર્થીઓ હાલ મુંઝવણ અનુભવી રહ્યા છે. જો કે કોલેજ સત્તાવાળાઓ પણ હાલ આ સમગ્ર મુદ્દે મૌન સેવી રહ્યા છે.

બીજી તરફ મેડીકલ કાઉન્સીલના અહેવાલની ત્રુટીઓને પગલે કેજ્યુલ્ટી વોર્ડ જે હાલ છે તેમાં પથારીની સંખ્યા વધારીને ૨૫ની કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ગાંધીનગર મેડીકલ કોલેજ હસ્તકની નવી હોસ્પિટલના સંકુલમાં ૫ અને ૬ મજલે વોર્ડ ખસેડવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. બે નવા લેબર રૂમ પણ ગાયનેક ડિવીઝનમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે.

હોસ્પિટલમાં બાળકો માટે ઈન્ટેન્સીવ કેર યુનિટના નિર્માણનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને આગામી સપ્તાહમાં તે પણ પૂર્ણ કરી દેવામાં આવશે તેમ હોસ્પિટલનાસૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલનો કબ્જો પણ ઝડપથી સોંપવા માટે પીયુપીને તાકીદ કરવામાં આવી છે તેમજ દર સપ્તાહે થયેલી કામગીરીની સમીક્ષા પણ હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે ૧૨ માર્ચ સુધીમાં વધુ ૩ માળનો કબ્જો કોલેજને સોંપી દેવામાં આવશે.

નવી હોસ્પિટલના પાચમાં અને છઠ્ઠા માળે આવેલ ઓપરેશન થિયેટર પણ સોમવારથી કાર્યરત કરવામાં આવશે. હોસ્પિટલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સોમવારે ઓ.ટી.માં ઓપરેશન પણ કરવામાં આવનાર છે. સર્જરી વિભાગે આ અંગેની તૈયારીઓ પૂર્ણ કરી લીધેલ છે.

ચાલુ વર્ષમાં જૂન બાદ લગ્નનુ એક પણ મુહૂર્ત નથી

ગાંધીનગર, તા. ૬

ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ લગ્નના ખુબ ઓછા મુહૂર્ત છે. ઓછા મુહૂર્તમાં લગ્નો વધુ હોવાથી લગ્નોના આયોજન સાથે સંકળાયેલા સૌ કોઈ મુંઝવણમાં મુકાઈ ગયા છે. ચાલુ વર્ષમાં જૂન બાદ લગ્નનુ એક પણ મુહૂર્ત નથી. લગ્નની સીઝન ગણાતા નવેમ્બર-ડિસેમ્બર માસમાં લગ્નના એક પણ મુહૂર્ત નથી.

ફેબ્રુઆરીમાં ૬ અને માર્ચમાં ૩ દિવસ લગ્નના મુહૂર્ત છે. વસંત પંચમીથી શરૂ થયેલી લગ્નની ધમાકેદાર સિઝનને હવે બ્રેક લાગવાના દિવસો નજીક આવી ગયા છે. આ વર્ષે હવે પછી આગામી ૩ માસમાં લગ્નોત્સવના માત્ર ૧૩ જેટલા મુહૂર્ત નીકળ્યા છે. જો કે આવતા વર્ષે સંવત ૨૦૭૨માં કેટલીક શાસ્ત્રોક્તવિધિ કરાવીને લગ્ન કરાવી શકાય તેવો મત જ્યોતિષીઓ પ્રગટ કરી રહ્યા છે. ચાલુ માસે ફેબ્રુઆરીમાં તા. ૭, ૯, ૧૦, ૧૧, ૧૫ અને ૨૩ના રોજ લગ્નોના મુહૂર્તો છે. ગુજરાતી મહિના પ્રમાણે આ મુહૂર્તો મહા અને ફાગણ મહિનાના છે. માર્ચ મહિનામાં તા. ૭, ૯ અને ૧૦ એમ ત્રણેય ફાગણ માસમાં વદના લગ્નોના શુભ મુહૂર્તો નીકળે છે. તા. ૧૭ જૂન, ૨૦૧૫ થી ૧૬ જુલાઈ, ૨૦૧૫ સુધી અષાઢ અધિક માસ તરીકે શરૂ થઈ રહ્યો છે. ચાલુ માસે ૨૫ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધી હોળાષ્ટક છે. તેમજ ૧૫ માર્ચથી ૧૫ એપ્રિલ સુધી મીનાર્ક હોવાથી લગ્નના મુહૂર્ત નથી. ચૈત્ર માસમાં સૂર્ય મેષ રામિં પ્રવેશ કરતો હોવાથી એપ્રિલની તા. ૨૧, ૨૭, ૨૮ અને ૩૦ તથા મે મહિનાની તા. ૨, ૭, ૮, ૯, ૧૧ અને ૧૫ના રોજ લગ્નના સારા મુહૂત છે. મે મહિનામાં ૨૭, ૨૮ અને ૩૦ તથા જૂન મહિનામાં તા. ૪, ૭, ૭, ૧૧ અને ૧૨ના રોજ મંગલ મુહૂર્ત છે. આમ ઉનાળાની ઋતુમાં ૧૮ સારા મુહૂર્ત છે. તે પછી લગ્નોના સારા મુહૂર્ત નીકળતા નથી. નવેમ્બર-ડિસેમ્બર માસમાં લગ્નના મુહૂર્ત ન હોવાથી આ વખતે ઉનાળા દરમ્યાન વધુ લગ્નો યોજાશે.

રાજ્યના દરેક ઘરમાં શૌચાલય સુવિધા પુરી પડાશે : આનંદીબેન

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સુશાસનના દરેક પાસાની અસરકારકતા માટે કેન્દ્ર-રાજ્ય વચ્ચે સુમેળભર્યા અને સહિયારા પ્રયાસોને આવકાર્યા છે. આનંદીબેને કહ્યું હતું કે, રાજ્ય સરકાર સ્વચ્છતા મિશનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને રાજ્યના દરેક ઘરમાં શૌચાલય સુવિધા પુરી પાડવા કટિબદ્ધ છે. આનંદીબેને આજે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં યોજાયેલી નીતિ આયોગની પ્રથમ બેઠકમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આર્થિક વિકાસ ઉપર અલગ અલગ ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે નીતિ આયોગે સામાન્ય ન્યાયને પ્રોત્સાહન આપવા, સંશાધનોની ફાળવણીમાં સમતાવાદી અભિગમ અપનાવવા તેમજ રાજ્યોના તેમજ રાષ્ટ્રના વિકાસની ગતિને પાયાગત અસર પહોંચાડનારા સંશાધનોનો ઉપયોગ કરવા ઉપર ભાર મુક્યો હતો. આનંદીબેને નીતિ આયોગના એજન્ડામાં રાષ્ટ્રીય વિકાસપ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવીને તેને સાંકલ્યવાદી તથા સર્વસમાવેશક વિકાસ મારફતે રાષ્ટ્રીય ભાવનાને પુરુ પાડવાનો ખ્યાલ પ્રસ્તુત કર્યો હતો. આનંદીબેને નવતર અભિગમની પ્રશંસા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, મોદીનો આ અભિગમ ભારતને સશક્ત, વાયબ્રન્ટ અને વિકાસશીલ રાષ્ટ્રમાં તબ્દીલ કરવાના નીતિ આયોગના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા ઉપયુક્ત છે. રાષ્ટ્રીય વિકાસની અગ્રતાઓના ધ્યેયની ખાતરી આપતા મુખ્યમંત્રીએ ભારતમાં બદલાવનો નીતિ આયોગનો ધ્યેય ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણે એક રાષ્ટ્ર તરીકે આકાક્ષાઓનું ચોક્કસ પરિમાણ નિયત કરી શકીશું.

શ્રી ઉત્તર ગુજરાત હિન્દુ ધોબી સમાજનો લગ્નોત્સવ યોજાયો

લગ્નોત્સવમાં ૬ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા : નવ ચંડી યજ્ઞ પણ યોજાયો હતો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી ઉત્તર ગુજરાત હિન્દુ ધોબી સમાજનો સત્તરમો સમૂહ લગ્નોત્સવ નેશનલ હાઈવે આઠ રામ દ્વાર અખાડા મેદાન ખાતે ૮-૨-૨૦૧૫ને રવિવારના રોજ ઉમંગભેર યોજાઈ ગયો. જેમાં જેમાં ૬ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતાં. જ્યારે સમાજ થકી શ્રી નવચંડી મહાયજ્ઞ પણ યોજવામાં આવ્યુ.

જ્યારે સમાજના દાતાઓએ આ પ્રસંગે ઘરવખરીની નાની મોટી વસ્તુઓ સહિત સોનાચાંદી ભેટ સોંગાદો કન્યાદાન સ્વરૂપે અર્પણ કરીને જરૂરી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. જ્યારે નવદંપતિઓને આશીર્વાદ આપવા મુકેસનાથ મહારાજ, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, સંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, સમાજના પ્રમુખ મહેશભાઈ, મંત્રી કનુભાઈ મણીલાલ, શૈલેષભાઈ મુકેશભાઈ વગેરે મહાનુભાવોએ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહીને શિક્ષણ સહિત સમાજના સર્વાંગી ઉત્કર્ષ અંગે પ્રેરક ઉદ્બોધન સાથે નવદંપતિઓને આશીર્વચન પાઠવ્યા હતા. જ્યારે સમાજના લોકોએ એક જુથ થઈ સમાજના ભગીરથ કાર્યને સફળતા તરફ લઈ ગયા હતા.

રાજ્યમાં સ્વાઈન ફ્લુ હજુય બેકાબૂ : વધુ ૧૦ના મોત

પહેલી જાન્યુઆરી બાદથી ગુજરાતમાં સ્વાઇન ફ્લુના કેસોની સંખ્યા વધીને ૭૪૪ થઇ : સાવચેતીના તમામ પગલાઓ છતાં કેસોમાં ચિંતાજનક વધારો

અમદાવાદ, તા. ૮

ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરોમાં સ્વાઈન ફ્લુનો આતંક અવિરત જારી રહ્યો છે. સ્વાઈન ફ્લુના કારણે આજે વધુ નવા ૧૦ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૮૧ ઉપર પહોંચી ગયો હતો. જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૭૪૪ ઉપર પહોંચી હતી. આજે કચ્છમાં બે, અમદાવાદમાં બે, સુરતમાં બે લોકોના મોત થયા હતા. આ ઉપરાંત વડોદરા, દાહોદ, નર્મદા અને સુરેન્દ્રનગરમાં એક એકનું મોત થયું હતું. પહેલી જાન્યુઆરી બાદથી આંકડા ઉપર નજર કરવામાં આવે તો ઝડપથી કેસો વધી રહ્યા છે. આજે જે નવા ૧૧૭ કેસો નોંધાયા છે જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ ૪૬ કેસો નોંધાયા છે. સત્તાવાર આંકડા મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી હજુ સુધી સ્વાઈન ફ્લુના ૭૪૪ કેસો નોંધાઈ ચુક્યા છે જે પૈકી મૃત્યુઆંક આજે વધીને ૮૧ પર પહોંચ્યો હતો. આજે કચ્છમાં બે, અમદાવાદમાં બે અને સુરતમાં બે લોકોના મોત થયા છે. સ્વાઈનવ ફ્લુનો કાળોકેર જારી રહ્યો છે. આજે જે વિસ્તારમાં નવા કેસ નોંધાયા હતા તે પૈકી સુરતમાં ૧૭, કચ્છમાં ૧૬, વડોદરામાં આઠ, રાજકોટમાં ૨, અમદાવાદમાં ૪૬, ભાવનગરમાં ચાર કેસો નોંધાયા હતા. ઉપરાંત ગાંધીનગરમાં ત્રણ કેસો નોંધાયા છે. રાજકોટ, જુનાગઢ, ખેડા, સુરેન્દ્રનગર અને મોરબીમાં બે બે કેસ સપાટી ઉપર આવ્યા છે. આવી જ રીતે જામનગર, મહેસાણા, બનાસકાંઠા, દાહોદ અને નર્મદા તેમજ અરવલ્લીમાં એક એક કેસ સપાટી ઉપર આવ્યો છે. સ્વાઈન ફ્લુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ વધુ વકર્યો છે. આજે વધુ ૧૦ લોકોના સ્વાઈન ફ્લુના કારણે મોત થયા હતા. જ્યારે સ્વાઈન ફ્લુના નવા ૧૧૭ કેસો નોંધાયા છે. જેથી કેસોની સંખ્યા વધીને ૭૪૪ સુધી પહોંચી ગઈ હતી. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી નીતિન પટેલે હાલમાં જ કહ્યું હતું કે, રાજ્યમાં સ્વાઈન ફ્લુની હાલની પરિસ્થિતિ ઉપર ઝીણવટભરી તકેદારી રાખવામાં આવી રહી છે. હાલમાં દેશમાં અન્ય રાજ્યો જેવા કે દિલ્હી, તેલંગાણા, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર, કેરાલા અને વેસ્ટ બેંગાલમાં પણ સ્વાઈન ફ્લુના કેસોમાં વધારો જોવા મળ્યા છે. રાજ્યમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યામાં વધારો ધ્યાનમાં આવતા જ રાજ્યના આરોગ્ય વિભાગે આ રોગના અટકાયત માટે તથા સારવાર વ્યવસ્થાપનના તંત્રને સાબદુ કરી દીધું છે.

શબ્દાવલી - ૫૬૩૯



આડી ચાવી

૧. દરિયો, સમુદ્ર (૩)
૩. આવવું, ... થવું (૪)
૫. અતિશય ઠંડી, ... પડવું(૨)
૬. બા, મોટીમા, દીદી (૨)
૭. પોષ્ટ, હોદ્દો (૩)
૮. રંગ, વર્ણ (૨)
૯. કુરબાન (૨)
૧૦. ખાંધે બોજો ઉપાડવા બનાવેલ તુલા (૩)
૧૩. નોકરી (૨)
૧૬. એક અણીદાર હથિયાર - સમુહમાં (૨)
૧૮. ઉપદેશ, શિખ (૨)
૨૦. રાંધેલ ચોખા (૨)
૨૧. કરંટ, વિજળી (૨)
૨૨. એક કિંમતી લાકડુ (૨)
૨૩. સપ્તાહ, અઠવાડિયું અંગ્રેજીમાં (૨)
૨૪. નકાર માટેનો ઉચ્ચાર (૧)
૨૫. છોકરાઓ... થી રમે (૪)

ઊભી ચાવી

૧. પુસ્તક વગેરે સામગ્રી (૩)
૨. દુઃખ, દર્દ (૨)
૩. કમાણીનું સાધન (૪)
૪. પ્રણામ, વંદન (૩)
૬. હઠ, જક્ક (૨)
૭. કોઇની સાથે પાનું પડવું તે (૩)
૮. કમ્પાઉન્ડમાં કરાતી કાંટા જાળી વગેરેની આડશ (૨)
૧૧. ઝેર (૨)
૧૨. કુદરતી, સાહજિક (૪)
૧૪. તાલાવેલી, જાણવાની ઇચ્છા (૩)
૧૫. મશ્કરી, નવાઇનો બનાવ (૪)
૧૭. આબરૂ (૨)
૧૯. શહેર (૩)
૨૦. ભાવનાવાળા, ભક્ત (૩)

શબ્દાવલી ૫૬૩૮ના જવાબ

આડી ચાવી :- (૧) લોકસભા (૩) વાજબી (૫) લતા (૬) યશ (૮) વજીર (૯) તજ (૧૧) રીપેર (૧૨) ખરીફ (૧૪) કિંમત (૧૬) જક (૧૭) સરભરા (૧૯) કોમલ (૨૦) લય (૨૧) લા

ઊભી ચાવી :- (૧) લોકહિત (૨) સદય (૩) વાતાવરણ (૪) બીયારણ (૭) શરીફ (૧૦) જખમ (૧૩) રીત (૧૪) કિચકો (૧૫) વિરલ (૧૬) જરા (૧૮) ભય

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યું છે. જે. કુમાર ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ નામની કંપની અમદાવાદ મેટ્રોરેલના વસ્ત્રાલ ગામ થી એપેરલ પાર્ક સુધીના પ્રથમ છ કિલોમીટરનું કામ કરશે. ટેન્ડર પ્રક્રિયામાં કુલ ૨૯ કંપનીઓએ ભાગ લીધો હતો જેમાં લોએસ્ટ ટેન્ડર જે. કુમારનું હતું. મેટ્રોરેલના સમગ્ર પ્રોજેક્ટ માટે પહેલા ૨૫૦૦ કરોડ, પછી ૪૫૦૦ કરોડ, ૬૦૦૦ કરોડ અને હવે ૧૦૭૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. પ્રોજેક્ટ સમયાંતરે જેમ ડિલે થતો ગયો તેમ તેની કોસ્ટમાં વધારો થયો છે. હાલની પ્રપોઝ મેટ્રોનો રૂટ ૩૭.૭૬ કિલમીટરનો છે...

સમિટ સ્પર્ધામાં ગુજરાતને હાનિનો ભય ...

ભારતની આર્થિક રાજધાની મુંબઈ પણ ગુજરાતની જેમ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ કરવા માગે છે. ભાજપની દેવેન્દ્ર ફડનવિસ સરકારે શાસનના ૧૦૦ દિવસની ઉજવણી સમયે આ સમિટનો પ્લાન બનાવ્યો છે. મહારાષ્ટ્રની સરકાર ઈન્વેસ્ટર્સ સમિટ આ વર્ષે યોજી રહી છે ત્યારે દેશના બીજા ભાજપ શાસિત રાજયો પણ આવી સમિટનું આયોજન વિચારી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. રાજયો વચ્ચે ઈન્વેસ્ટમેન્ટ ખેંચવાની આ સ્પર્ધામાં જો એકસૂત્રતા નહી આવે તો ગુજરાતને સૌથી મોટો ગેરફાયદો થઈ શકે તેમ છે કારણ કે દરેક રાજયોમાં ટેક્સનું માળખું એકસમાન નથી. ભાજપ શાસિત રાજયોએ આ માળખાને એકસૂત્રતામાં લાવવું પડશે અન્યથા ઉદ્યોગોને ખેંચવાની સ્પર્ધાનો સામનો કરવો પડી શકે છે...

તામિલનાડુ કરે છે આપણે કેમ નહી! ...

ભારતના તામિલનાડુમાં નદીના પાણીને નિર્મળ બનાવી તેનું બોટલ પેક કરી વેચવામાં આવે છે. આ સરકારની ખુદની યોજના છે. આપણે પણ ગુજરાતમાં નર્મદાના જળને બોટલમાં પેક કરીને વેચી શકીએ તેમ છીએ. આપણી સહકારી સંસ્થાઓ આ જવાબદારી સંભાળી શકે તેમ છે છતાં સરકાર તે દિશામાં વિચારતી નથી. નર્મદા નિર ના નામે સરકાર તેનો ખુદનો પ્લાન્ટ નાંખી શકે છે અથવા તો સહકારી સંસ્થાને આપી શકે છે. જો તેમ થશે તો બોટલમાં પાણી વેચતી ઈન્ટરનેશનલ અને નેશનલ કંપનીઓની લૂંટ ઓછી થશે. આજે એક મિનરલ બોટલ પાણીનો ભાવ ૨૦ રૂપિયા લેવામાં આવે છે. નર્મદાનું પાણી બોટલમાં પેક કરીને આપણે સાત રૂપિયા થી દસ રૂપિયામાં વેચી શકીએ તેમ છીએ....

ગુજરાતમાં બજેટની મોસમ છલકી ...

ફેબ્રુઆરી મહિનો આવે એટલે બજેટની મોસમ છલકાય છે. ગુજરાત સરકાર અને મહાનગર તેમજ જિલ્લા-તાલુકા પંચાયતોના બજેટ પ્લાનિંગ થતા હોય છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના બજેટમાં કરવેરાના કોઇ મોટા ડોઝ નથી કારણ કે આ વર્ષમાં જ મહાનગર અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ આવી રહી છે. હવે ગુજરાત સરકારનું ૨૦૧૫-૧૬નું સામાન્ય બજેટ ૨૪ ફેબ્રુઆરીએ આવી રહ્યું છે. બજેટના કદમાં તેમજ વાર્ષિક યોજનાના કદમાં વધારો થવાની સંભાવના છે. એ સાથે રાજયના કરવેરામાં સુધારા આવી શકે છે. નવા કાયદાઓની શક્યતા પણ નિવારી શકાય તેમ નથી. ૨૩ ફેબ્રુઆરી થી શરૂ થનારૂં બજેટ સત્ર ૩૧ માર્ચ સુધી ચાલશે પરંતુ કામકાજના દિવસો માત્ર ૨૬ છે. નાણાપ્રધાન સૌરભ પટેલ અને રાજયના ૨૨ જેટલા વિભાગો હાલ બજેટેડ મિટીંગોમાં વ્યસ્ત બન્યા છે...

ગ્રામજનોની મહેનત રંગ લાવી છે ...

માત્ર ૩૦૦૦ની વસતી ધરાવતા વલસાડના તીંધરા ગામની શકલ બદલાઈ ચૂકી છે. ભારતભરમાં સ્વચ્છતા ઝૂંબેશ ચાલે છે પરંતુ ગામડામાં સ્વચ્છતા કેવી હોય તે જોવી હોય તો આ ગામની મુલાકાત લેવી પડે તેમ છે. સંપૂર્ણ વાઈ-ફાઈ કનેક્ટિવિટીથી સજ્જ એવા ગામમાં ઠેર ઠેર ફુલદાની અને કચરાપેટી ગોઠવાઈ છે જે ગામને સુંદરતા બક્ષે છે. પાંચ વર્ષ સુધીની સતત મહેનતના અંતે આ ગામ કોઇ વિદેશી ગામની યાદ અપાવે છે. સૌથી આશ્ચર્યની વાત એવી છે કે સરકારની એક રૂપિયાની સહાય વિના ગ્રામજનો ભેગા મળીને આ ગામનો વિકાસ કરી રહ્યા છે...

ગુજરાતના ત્રણ મંદિરોમાં ૧૫૦ કરોડનું દાન ...

ગુજરાતના ત્રણ મંદિરો એવા છે કે જયાં ભક્તો અગણિત દાન આપે છે. સૌથી વધુ દાન પ્રખ્યાત અંબાજી મંદિરને મળે છે. છેલ્લા બે વર્ષમાં અંબાજી મંદિરમાં દાનની રકમ ૯૦ કરોડના આંકડાને વટાવી ચૂકી છે. કહેવાય છે કે અંબાજીની થાપણોનુ કદ ૯૦૦ કરોડ કરતાં વધારે છે. બીજાક્રમે સોમનાથ મંદિર આવે છે જેમાં બે વર્ષમાં કુલ ૫૩ કરોડનું દાન મળ્યું છે અને તેની થાપણોનું કદ ૧૧૫ કરોડ છે, જયારે દ્વારકા મંદિરમાં બે વર્ષમાં ૧૫ કરોડનું દાન મળ્યું છે. ટકાવારીની દ્રષ્ટીએ જોઈએ તો અંબાજીમાં દાનની રકમમાં છેલ્લા બે વર્ષમાં ૨૦.૯૫ ટકા અને સોમનાથ મંદિરમાં ૪૮.૫૫ ટકાનો વધારો નોંધાયો છે. આ ત્રણેય યાત્રાધામોમાં યાત્રાળુઓની સંખ્યામાં પણ અનેકગણો વધારો થયો છે...

હવે તો આંબા પણ લુપ્ત થયા છે ...

માનવીના જીવનમાં અતિ ઉપયોગી એવા મોટા વૃક્ષો કાપવાની સજા એકસમાન કેમ ન હોઇ શકે તેવો પ્રશ્નો પર્યાવરણવાદીઓ પૂછી રહ્યા છે, કારણ કે ગુજરાતના વન કાયદા પ્રમાણે વૃક્ષ કાપવાની સજા વિસ્તાર પ્રમાણે અગલ અલગ છે. જંગલનું વૃક્ષ કાપવામાં આવે તો મુદ્દામાલ જપ્ત કરી તેટલી રકમનો દંડ કરવામાં આવે છે. કોર્ટકેસ કરી છ માસની જેલની સજા છે, જયારે મહેસૂલી વિસ્તારમાં વૃક્ષ કાપવામાં આવે તો નજીવા દંડની જોગવાઈ છે. સરકારે માત્ર રિઝર્વ ટ્રી એટલે કે ખેર, સાગ, ચંદન, સીસમ, મહુડો, વડ, પીપળો, પીપળ, ખાટી આંબલી અને રાયણના વૃક્ષને કાપવા બદલ ફોજદારી ગુનો ગણ્યો છે. શું રાજય સરકાર લીમડા સહિતના અન્ય મોટા વૃક્ષો લઈ ન શકે?..આજે આંબાના વૃક્ષો નામશેષ થતા રહ્યા છે ત્યારે આંબાને લુપ્ત થતી જાતિમાં ગણી શકાય તેમ છે. સરકારે જંગલના કાયદામાં ધરખમ સુધારા કરવાની જરૂર હોવાનું સૂચન ગુજરાતના જંગલીઝ ગ્રુપે કર્યું છે...

રેશનિંગનો વહીવટ મહિલા હસ્તક ...

ગુજરાતમાં સસ્તા અનાજની દુકાનોનો વહીવટ ધીમે ધીમે મહિલા હસ્તક સરકી જવાની શક્યતા એટલા માટે વધી છે કે રાજય સરકારે રેશનિંગની દુકાનોનું સંચાલન મહિલાઓને સોંપવાનું નક્કી કર્યું છે, જો કે આ નિર્ણય નવી દુકાનો માટે લાગુ પડશે. લાયસન્સ ઈસ્યુ કરતી વખતે પંચાયત, મહિલા સંસ્થાઓ તેમજ સહકારી સંસ્થાઓને પૂછવામાં આવશે. રાજયની ૧૩૦૦૦ પંચાયતોમાં ૧૭૦૦૦ જેટલી દુકાનો આવેલી છે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારાનો અમલ થતાં વસતીની દ્રષ્ટીએ રેશનિંગ દુકાનોની સંખ્યાને વધારવામાં આવી શકે છે. આમ પણ રાજયમાં હજારો ગ્રામ પંચાયતોનું નેતૃત્વ મહિલા સરપંચ સંભાળી રહ્યા છે ત્યારે મહિઓને પણ દુકાનનું સંચાલન કરવાનો લાભ મળવો જોઈએ...

જૂનથી કોલેજોમાં સમાન અભ્યાસક્રમ ...

ગુજરાતમાં પ્રથમવાર સરકાર હસ્તકની ૧૧ યુનિવર્સિટીઓમાં ત્રણેય વર્ષના સાયન્સ, કોમર્સ અને આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે કોમન સિલેબસનો અમલ શરૂ કરવામાં આવી રહ્યો છે. આગામી જૂનથી શરૂ થતાં શૈક્ષણિક સત્રમાં તેનો અમલ થાય તેવી સંભાવના છે. સમાન અભ્યાસક્રમનો અમલ થતાં તમામ યુનિવર્સિટીમાં પરીક્ષા અને સેમિસ્ટરની પદ્ધતિ એકસમાન રહેશે. સરકારે એવી અપેક્ષા વ્યક્ત કરી છે કે રાજયની અન્ય ૪૩ પ્રાઈવેટ યુનિવર્સિટીઓએ પણ કોમન સિલેબસનો અમલ કરવો જોઈએ. નવા અભ્યાસક્રમની સાથે લેવાનારી પરીક્ષામાં ૭૦ ટકા માર્ક્સ ઈન્ટરનલ અને ૩૦ ટકા માર્ક્સ યુનિવર્સિટી પરીક્ષાના ગણાય તેવી વ્યવસ્થા વિચારણામાં લેવામાં આવી છે...

જેઈઈ રદ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેળવણીકારો, તજજ્ઞો સાથે થોડા દિવસો પહેલા શિક્ષણમંત્રીએ બેઠક બોલાવી પ્રશ્નો જાણ્યા હતા. આ બેઠકમાં જેઈઈના ભારેખમ બિનજરૂરી અભ્યાસક્રમ માત્ર આઈઆઈટીમાં જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ પુરતો સિમિત રાખવા, બાકીના વિદ્યાર્થીઓ માટે જેઈઈ પરીક્ષા મરજીયાત બનાવવા અને ચાર સેમેસ્ટરમાં વિદ્યાર્થીને ભણવાનો, શિક્ષકોને ભણાવવાનો સમય ખુબ ઓછો રહેતો હોય ફરીથી જુની પદ્ધતિ મુજબ ધોરણ ૧૨ની એક જ પરીક્ષા શિક્ષણ બોર્ડ લે તેવી રજૂઆત થઈ હતી. નિષ્ણાંતોની માંગ છે કે, સાયન્સના શિક્ષણમાં અખતરાઓ બંધ થવા જોઈએ.